# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૧

## તા.૨૦/૦૭/૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર નં.મફબ/ SJMMSVY(UDP-88)ત્રી.ત./ ૨૦૨૦–૨૧/ ન.પા.–આં.મા.વિ./ પ્ર.હ./ ૨૦૨૦/ ૧૨૨૧૧ તા.૦૫/૦૮/૨૦૨૦ હેઠળ રૂા.૩૦૦/– લાખની ગ્રાન્ટ ફાળવણી થયેલ. જે પૈકી રૂા.૮૮,૧૮,૭૦૦/– જુદા–જુદા ચાર વિસ્તારમાં બોક્ષ ડ્રેઈનની દરખાસ્ત કરેલ ત્યારબાદ સદર યોજના પૈકી બાકી રહેતી રકમ રૂા.૨,૧૧,૮૧,૩૦૦/– પૈકી નીચેના કામો કરવા ઠરાવવામાં આવે છે.

| નં | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | યુ.ડી.પી–૮૮ (૨૦૨૦/૨૧) હેઠળ વોર્ડ–૧ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૧૩૬૬૧૨૭.૦૦ |
| ૨ | યુ.ડી.પી–૮૮ (૨૦૨૦/૨૧) હેઠળ વોર્ડ–૨ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૩૫૭૩૪૫૧.૦૦ |
| ૩ | યુ.ડી.પી–૮૮ (૨૦૨૦/૨૧) હેઠળ વોર્ડ–૩ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૧૭૧૨૩૦૪.૦૦ |
| ૪ | યુ.ડી.પી–૮૮ (૨૦૨૦/૨૧) હેઠળ વોર્ડ–૪ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૧૩૬૧૧૧૫.૦૦ |
| ૫ | યુ.ડી.પી–૮૮ (૨૦૨૦/૨૧) હેઠળ વોર્ડ–૬ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૧૪૯૨૧૯૦.૦૦ |
| ૬ | યુ.ડી.પી–૮૮ (૨૦૨૦/૨૧) હેઠળ વોર્ડ–૮ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૬૪૩૦૭૬૨.૦૦ |
| ૭ | યુ.ડી.પી–૮૮ (૨૦૨૦/૨૧) હેઠળ વોર્ડ–૯ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૪૮૯૦૬૩૬.૦૦ |
| | | ૨૦૮૨૬૫૮૫.૦૦ |

ઉપર મુજબના સબબ ગ્રાંટ વપરાશ માટે ખંભાત નગરપાલિકા સરકારશ્રીની અને ગુજરાત મ્યુની.ફાઈ.બોર્ડની સુચનાઓ શરતો વિગતોનું પાલન કરશે તથા ગુજરાત મ્યુની.ફાઈ.બોર્ડ તરફથી મંજુર કરવામાં આવેલ ગ્રાટ ઉપરાંત કાંઈ વધારાનો ખર્ચ થાય તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે તેમજ સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો પૂર્ણ કરશે તેમ ઠરાવવામાં આવે છે. સદર ગ્રાંટ હેઠળના કામો માટે અન્ય કોઈ યોજનાઓથી ગ્રાંટ મેળવેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૨૨

## તા.૨૦/૦૭/૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ, ગાંધીનગરના પત્ર નં.મફબ/ SJMMSVY(UDP-88)/ ૨૦૧૯–૨૦/ ન.પા./ આ.મા.સુ./ ૫૦%/ ૨૦૧૯/૧૦૮૬૪ તા.૧૯/૦૮/૨૦૧૯ હેઠળ રૂા.૩૦૦/– લાખની ગ્રાન્ટ ફાળવણી થયેલ. જે પૈકી રૂા.૧,૨૬,૭૪,૪૦૦/– જુદા–જુદા વોર્ડમાં સી.સી.રસ્તાની કામગીરીની દરખાસ્ત કરેલ ત્યારબાદ સદર યોજના પૈકી બાકી રહેતી રકમ રૂા.૧,૭૩,૨૫,૬૦૦/– પૈકી નીચેના કામો કરવા ઠરાવવામાં આવે છે.

| નં | કામનું નામ | અંદાજીત રકમ |
|---|---|---|
| ૧ | યુ.ડી.પી–૮૮ (૨૦૧૯/૨૦) હેઠળ વોર્ડ–૫ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૨૨૧૬૯૪૦.૦૦ |
| ૨ | યુ.ડી.પી–૮૮ (૨૦૧૯/૨૦) હેઠળ વોર્ડ–૭ માં જુદા–જુદા વિસ્તારમાં સી.સી.રસ્તાની કામગીરી | ૫૦૩૬૧૭૬.૦૦ |
| | **જનરલ રસ્તાના કામો** | |
| ૩ | ચિતારી ચાર રસ્તાથી ઝંડાચોક તરફ સી.સી.રસ્તાની કામગીરી | ૩૨૧૭૪૪૫.૦૦ |
| ૪ | રાણા ચકલા પરબડી પાસેથી વાસડાવાડ નાકા તરફ સી.સી.રસ્તાની કામગીરી | ૨૪૧૩૮૦૩.૦૦ |
| ૫ | માદળા આઈ.ડી.એસ.એમ.ટી. શોપીંગ સેન્ટર જયંતીલાલ મનસુખલાલના ડેલા સામેના ગેટથી નગરપાલિકા દુકાનો તરફ સી.સી.રસ્તાની કામગીરી | ૧૦૭૪૦૮૦.૦૦ |
| ૬ | માદળા ભગતસિંહ શોપીંગ સેન્ટરથી બાગના ગેઈટ તરફ સી.સી.રસ્તાની કામગીરી | ૨૧૫૮૬૦.૦૦ |
| ૭ | પાણીયારી પ્રભુ ભીખાની ખડકી નાકેથી પાણીયારી જંકશન તરફ સી.સી.રસ્તાની કામગીરી | ૭૭૨૯૫૪.૦૦ |
| ૮ | પાણીયારી અંબાજી માતાના મંદિરથી વિશ્વકર્મા મંદિર તથા તેની સામેની રોડની સાઈડો સી.સી.રસ્તાની કામગીરી | ૭૧૫૪૧૪.૦૦ |
| ૯ | ગંધ્રકવાડો નીચલી ઢાળ કુબા મસ્જીદ પાસે સી.સી.રસ્તાની કામગીરી | ૧૭૦૭૭૫.૦૦ |
| ૧૦ | વૃંદાવન સોસાયટી એમ.ટી.હાઈસ્કુલની બાજુમાં સી.સી.રસ્તાની કામગીરી | ૪૮૮૭૯૬.૦૦ |
| | | **૧૬૩૨૨૨૪૩.૦૦** |

ઉપર મુજબના સબબ ગ્રાંટ વપરાશ માટે ખંભાત નગરપાલિકા સરકારશ્રીની અને ગુજરાત મ્યુની.ફાઈ.બોર્ડની સુચનાઓ શરતો વિગતોનું પાલન કરશે તથા ગુજરાત મ્યુની.ફાઈ.બોર્ડ તરફથી મંજુર કરવામાં આવેલ ગ્રાટ ઉપરાંત કાંઈ વધારાનો ખર્ચ થાય તે નગરપાલિકા સ્વભંડોળમાંથી કરશે તેમજ સરકારશ્રીએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો પૂર્ણ કરશે તેમ ઠરાવવામાં આવે છે. સદર ગ્રાંટ હેઠળના કામો માટે અન્ય કોઈ યોજનાઓથી ગ્રાંટ મેળવેલ નથી તેની ખાત્રી આપવામાં આવે છે તથા આ અંગે આગળની કાર્યવાહી કરવા પ્રમુખશ્રી, કારોબારી ચેરમેનશ્રી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૨૩
# તારીખ.૨૦–૦૭–૨૦૨૧

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા નગરપાલિકા વિસ્તારમાં એસ.ટી.પી. બનાવવાની કામગીરી જી.ડબલ્યુ.એસ.એસ.બી. મારફતે ટેન્ડર પ્રસિધ્ધ કરી એજન્સી નકકી કરી વર્કઓર્ડર આપી એજન્સીએ કામગીરી શરૂ કરેલ છે આ બાબતે ગુજરાત પોલ્યુશન કંન્ટ્રોલ (જી.પી.સી.બી) માંથી CONSENT TO ESTABLISHMENT (CTE) ની નગરપાલિકાના નામથી પરવાનગી લેવાની હોવાથી આ બાબતની ફી રૂપીયા.૬૫,૦૦૦/– અંકે રૂપીયા પાંસઠ હજાર જી.પી.સી.બી.ની વેબ સાઈટ ઉપર ઓન લાઈન ભરવાના થતાં હોઈ તે અંગેનો ખર્ચ રૂપીયા. ૬૫,૦૦૦/– અંકે રૂપીયા પાંસઠ હજાર પુરા કરવા મંજુર તથા આગળની કાર્યવાહી કરવા પ્રમુખ શ્રી તથા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલીકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૨૪
## તારીખ.૨૦–૦૭–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકા જુદા જુદા ચાર વોટર વર્કસ ઉપર ચૌદમા નાણાં પંચની ગ્રાન્ટમાંથી ઠંડા પાણી માટેના મશીનનું આયોજન કરેલ છે તે અંગે ખંભાત શહેરના નાગરીકોને ઠંડા પાણી મળી રહે તે હેતુથી નીચે જણાવેલ શરતો થી આપવા નકકી કરવામાં આવે છે.

### શરતો અને નિયમો

૧ ખંભાત શહેરી વિસ્તારના મીલકત ધારકો પાસે

૨ ઠંડુ પાણી ૧૦ લીટર ના રૂપીયા. ૩/– અંકે રૂપીયા ત્રણ પુરા

૩ ઠંડુ પાણી ૨૦ લીટર ના રૂપીયા. ૫/– અંકે રૂપીયા પાંચ પુરા

૪ રીચાર્જમાં ભરપાઈ કરેલ રકમ નોન રીફંન્ડેબલ રહેશે

૫ ટેકનીકલ કારણોસર કોઈ ખામી સર્જાય તો તેવા સમયે ઠંડુ પાણી મળી શકશે નહી. આ અંગે કોઈ અરજદારે વિવાદ કરવાનો રહેશે નહી.

૬ અરજદારે મેળવેલ કાર્ડ નીચે જણાવેલ સુચીત કરેલ સ્થળેથી ઠંડુ પાણી મેળવવાનું રહેશે.

૭ શહીદ બાગ વોટર વર્કસ, નારેશ્વર વોટર વર્કસ, રણમુકતેશ્વર વોટર વર્કસ, તિલક બાગ વોટર વર્કસ,

૮ રીચાર્જ કાર્ડ કરાવવા માટે નગરપાલિકાની એકાઉન્ટ વિભાગમાં કરાવવામાં આવશે આ અંગેના નાણાં ભરવા માટેનો સમય સવારના ૧૦–૩૦ થી ૧–૩૦ ઓફીસ સમય દરમ્યાન (રજા તથા જાહેર તહેવારના દિવસો સિવાય)

૯ જેણે કાર્ડ જોઈતું હોય તેઓ એ રૂપીયા. ૨૦૦/–નું રીચાર્જ (નોન રીફંડેબલ)કરાવેથી કાર્ડ આપવામાં આવશે.

૧૦ ભવિષ્યમાં કાર્ડ ખોવાઈ જાય ત્યારે રૂપીયા. ૨૦૦/– અંકે રૂપીયા બસો પુરા ભરેથી નવું કાર્ડ મળશે જેની કાર્યવાહી નવેસરથી કરવાની રહેશે અગાઉ બાકી રહેલ – રીચાર્જની રકમ મળશે નહી.

૧૧ ઈલેકટ્રીક સપ્લાય બંધ હશે તેવા સંજોગોમાં ઠંડુ પાણી વિતરણ કરવાનું બંધ રહેશે.

૧૨ એ.ટી.એમ. મશીનને કોઈપણ નાગરીક ધ્વારા નુકશાન કરવામાં આવશે તો તે અંગેનો તમામ ખર્ચ જે તે નાગરીક પાસેથી વસુલ લેવામાં આવશે.

૧૩ કોઈ પણ મડાગાંઠના પ્રસંગે ન્યાયી ક્ષેત્ર ખંભાત શહેર વિસ્તાર રહેશે.

૧૪ ઠંડુ પાણી લેવા માટે અરજદારશ્રી એ પોતાનું કેરબો કે પાણી ભરવાનું પાત્ર લઈને આવવાનું રહેશે.

૧૫ અરજદારે કાર્ડ મેળવવા માટે અરજી ફોર્મ મેળવવા રૂપીયા. ૧૦/– ફોર્મ ફી ભરેથી ફોર્મ આપવામાં આવશે.

૧૬ એ.ટી.એમ.મશીન આગળ કોઈપણ જાતની ગંદકી કરવી નહી અને ત્યાં સ્વચ્છતા જાળવવી.

૧૭ સદર એ.ટી.એમ. મશીન અંગે કોઈપણ વધારાની સુચના કે શરત ઉમેરવાની થાય તો તે અંગેની તમામ સત્તાઓ પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી, ચીફ – ઓફીસરશ્રીને આગળની કાર્યવાહી કરવા અધિકૃત કરવામાં આવે છે.

૧૮ હાલની કોવીડ–૧૯ ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ અરજદારે ફરજીયાત માસ્ક પહેરી ને જ આવવાનું રહેશે સોશીયલ ડીસ્ટન્સ જાળવવાનું રહેશે.

ઉપરોકત શરતો મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આ ઉપર જણાવેલ શરતોમાં સુધારો અથવા ગમે તે સમયે વધારો કરવામાં આવશે તેમજ જરૂરી તેમજ બીજી કોઈપણ શરત ઉમેરવાની થાય તો તે તમામની આગળની ઘટતી કાર્યવાહી કરવા સહીત તમામ સત્તા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી, અને ચીફ ઓફીસરને આપવામાં આવે છે અને તેઓનો નિર્ણય આખરી ગણાશે અને તે તમામને બંધનકર્તા રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# <u>ખંભાત નગરપાલિકા – ખંભાત</u>
# <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૨૫</u>
# <u>તારીખ.૨૦–૦૭–૨૦૨૧</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકામાં ઓફીસ કામે ગુજરાત નગરપાલિકા અધિનિયમ એકટની ચોપડી નવી આવૃત્તિ સાથેની જરૂરીયાત હોઈ રાધા બુક ડીપો, એ–૯, બીજો માળ, સત્યમેવ કોમ્પ્લેક્ષ, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત, ગુજરાત હાઈકોર્ટની સામે, સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦ ના બીલ નંબર. ૨૧૪૨૩ તારીખ. ૦૮–૦૭–૨૦૨૧ થી રૂપીયા. ૧૭૪૫/– અંકે રૂપીયા. એક હજાર સાતસો પીસ્તાલીસની કીંમતમાંથી રૂપીયા. ૨૪૫/– અંકે રૂપીયા બસો પીસ્તાલીસ કન્સેશન પુરા બાદ કરી આપેલ છે જેથી બીલની રકમ રૂપીયા. ૧૫૦૦/– અંકે રૂપીયા એક હજાર પાંચસો પુરા થી ખરીદવામાં આવેલ છે જે અંગેનો ખર્ચ ચુકવવા મંજુર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# <u>ખંભાત નગરપાલીકા, ખંભાત</u>
## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૨૬</u>
## <u>તારીખ.૨૦–૦૭–૨૦૨૧</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૫૮૨ તારીખ. ૦૧–૦૨–૨૦૨૦ થી ખંભાત નગરપાલિકામાં એક એમ.આઈ.એસ./આઈ.ટી. એકસપર્ટ તરીકે શ્રી જયદીપ વિ. રાણા ની અગીયાર (૧૧) માસ કરાર આધારીત નિમણુંક કરવામાં આવેલ મીશન ડાયરેકટર સ્વચ્છ ભારત મિશન અર્બન ગુજરાતના પત્ર ક્રમાંક:અભમ/ ૧૦૨૦૧૮/૧૭૧૪/એમ.બી.એમ./સેલ/તારીખ.૧૫–૧૦–૨૦૧૮ ના પત્રની જોગવાઈ મુજબ તેઓને રૂપીયા.૧૫,૦૦૦/– અંકે રૂપીયા. પંદર હજાર પુરા ની મર્યાદામાં ફીકસ માસીક વેતન આપવાનું હતું પરંતુ તેઓને તે સમયે રૂપીયા. ૧૦,૫૦૦/– અંકે રૂપીયા. દસ હજાર પાંચસો પુરા વેતન આપી કરાર કરવામાં આવેલ ત્યાર બાદ તેઓની અગીયાર (૧૧) માસની મુદત પુરી થતી હોવાથી મે. પ્રમુખ સાહેબના તારીખ.૨૯–૧૧–૨૦૨૦ના હુકમ મુજબ રૂપીયા.૧૩,૦૦૦/–અંકે રૂપીયા. તેર હજાર પુરા માસીક ઉચ્ચક મહેનતાણું ચુકવી આપવામાં આવે છે તેઓ એ તારીખ.૧૨–૦૭–૨૦૨૧ ના વિનંતી પત્રથી તેમને પરિપત્રમાં જણાવ્યા મુજબનું રૂપીયા. ૧૫,૦૦૦/– અંકે રૂપીયા. પંદર હજાર પુરાનું ઉચ્ચક માસીક વેતન ચુકવી આપવા વિનંતી કરેલ છે જેમા ચીફ ઓફીસરશ્રીની ભલામણ ધ્યાને લેતા તારીખ.૦૧–૦૮–૨૦૨૧ થી રૂપીયા. ૧૫,૦૦૦/– અંકે રૂપીયા. પંદર હજાર પુરા ઉચ્ચક માસીક વેતન સરકારશ્રીના ઉપરોકત પરિપત્ર મુજબ ચુકવી આપવા મુંજર કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર..૧૨૭
## તારીખ.૨૦–૦૭–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકામાં એન્જીનીયરની ખાલી પડેલ જગ્યા ઉપર પ્રાદેશિક કમિશ્નરશ્રી વડોદરાની કચેરીએ બોરસદ નગરપાલિકાના એન્જીનીયરશ્રી ને ખંભાત નગરપાલિકાના એન્જીનીયરનો વધારાનો ચાર્જ તેમના પત્ર નંબર પ્રા.ક./મહેકમ/મ્યુની.ઈજનેર ચાર્જ/૧૭૯/૨૦૨૧ તારીખ.૩૦–૦૪–૨૦૨૧ થી આપેલ છે તેઓ અઠવાડીયામાં માત્ર બે (૨) દિવસ મંગળવાર અને શુક્રવાર આવતા હોવાથી ખંભાત નગરપાલિકા વિકાસની બહોળી કામગીરીને ન્યાય આપી શકતાં નથી વળી તેમની પાસે બે (૨) નગરપાલિકાનો કાર્યભાર હોવાથી અઠવાડીયાનો બે (૨) દિવસનો સમય ઓછો પડે છે જેની નગરપાલિકામાં ફુલ ટાઈમ એન્જીનીયરની નિમણુંક કરવી હીતાવહ છે મ્યુનીસીપલ એન્જીનીયરની જગ્યા કોમન કેડરની હોવાથી તેમની નિમણુંક રાજય સરકારમાંથી કરવામાં આવે છે પરંતુ જયાં સુધી ખંભાત નગરપાલિકામાં રાજય સરકારમાંથી ફુલટાઈમ એન્જી–નીયરની નિમણુંક કરવામાં ન આવે ત્યાં સુધી ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક ઈએસટી/૧૨૨૦૧૧/સીફા/૨૩/આર/સચીવાલય/ ગાંધીનગરના તારીખ.૦૨–૦૬–૨૦૧૧ ના પરીપત્ર મુજબ નગરપાલિકા કક્ષાએ મ્યુની–સીપલ એન્જીનીયરને કામચલાઉ ધોરણે કરાર આધારીત ફીકસ પગારથી નિમણુંક આપી શકાય તેમ હોવાથી સરકારશ્રીના પત્રની જોગવાઈ મુજબ કાર્યવાહી કરવા મંજુર તથા આ – અંગે બહોળી પ્રસિધ્ધી થાય તે માટે દૈનિક પેપરમાં જાહેરાત આપવા પણ મંજુર કરવામાં આવે છે નગરપાલિકા કક્ષાએ મ્યુનીસીપલ એન્જીનીયરને કામચલાઉ ધોરણે અગીયાર (૧૧) માસના કરાર આધારીત ફીકસ પગારથી પરિપત્ર મુજબ નિમણુંક આપવા અને તે મુજબ કાર્યવાહી કરવા મંજુર તે અંગે બહોળી પ્રસિધ્ધી થાય તે માટે દૈનીક પેપરની મુખ્ય આવૃત્તિમાં જાહેરાત આપવા મંજુર તથા તે જાહેરાતનો જે કોઈ ખર્ચ થાય તે ખર્ચ કરવા અને તેનું ચુકવણું કરવા ચીફ ઓફીસરશ્રીને સત્તા આપવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૨૮

## તારીખ.૨૦–૦૭–૨૦૨૧

વોટર વર્કસ ખાતામાં આવેલા નારેશ્વર(સાત સૈયદ)વોટર વર્કસ પર આવેલ બોરવેલમાં ચાલતો ૪૦ એચ.પી. સબમર્શીબલ મોટરપંપ બોરમાં પડી જવાના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૨ માટે સને ૨૦૧૯–૨૦ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર સબમર્શીબલ મોટરપંપ કઢાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૫૧૫ / તા. ૨૩–૦૮–૧૯ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર સબમર્શીબલ મોટરપંપ રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૪૨૬૭/ તા.૦૫–૧૨–૨૦૨૦ થી સને ૨૦૧૯–૨૦ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર તા.૧૨/૦૩/૨૦૨૧ થી સને ૨૦૧૯–૨૦ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી સબમર્શીબલ મોટરપંપ કાઢી રીપેરીગના કુલ રૂા.૩૨,૧૩૫/– અંકે રૂપિયા બત્રીસ હજાર એકસો પાત્રીસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સન ૨૦૧૯–૨૦ નાં કામ નં – ૦૨ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૫૧૫ / તા. ૨૩–૦૮–૧૯ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ કરવા મંજુર.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૨૯

## તારીખ.૨૦–૦૭–૨૦૨૧

વોટર વર્કસ ખાતામાં આવેલા નારેશ્વર વોટર વર્કસ પર કુંડીમા ચાલતો ૫૦ એચ.પી. ટરબાઈન મોટરમાં બોડીશોર્ટના ફોલ્ટથી સદર મોટર ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૧ માટે સને ૨૦૧૯–૨૦ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા ને સદર ટરબાઈન મોટર ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૫૧૫ / તા. ૨૩–૦૮–૧૯ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ટરબાઈન મોટર રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૫૪૩૩/ તા.૩૦–૦૧–૨૦૨૧ થી સને ૨૦૧૯–૨૦ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર તા.૧૫/૦૭/૨૦૨૧ થી સને ૨૦૧૯–૨૦ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી ટરબાઈન મોટરના કુલ રૂા.૨૯,૦૦૦/– અંકે રૂપિયા ઓગણત્રીસ હજાર પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સન ૨૦૧૯–૨૦ નાં કામ નંબર–૦૧ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૫૧૫ / તા. ૨૩–૦૮–૧૯ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૩૦
## તારીખ.૨૦–૦૭–૨૦૨૧

વોટર વર્કસ ખાતામાં આવેલા માંદળા વોટર વર્કસ પર આવેલ બોરવેલમાં ચાલતો ૩૫ એચ.પી. ટરબાઈન મોટરપંપમાં પાણી ઓછુ ઉપાડવાના ફોલ્ટથી સદર મોટરપંપ ચલાવી શકાય તેમ ન હોય જેથી કામ નંબર– ૦૧ માટે સને ૨૦૧૯–૨૦ નાં વર્ષમાં નિયુકત એજન્સી શકિત એન્જીનીંયરીંગ વર્કસ, વત્રાવાળા ને સદર ટરબાઈન મોટર ખોલાવી તથા કારોબારી સમીતી ઠરાવ નંબર–૫૧૫ / તા. ૨૩–૦૮–૧૯ નાં આવેલ વાર્ષીક ભાવ મુજબ તાત્કાલીક સદર ટરબાઈન મોટર રીપેરીંગ કરાવવા નગરપાલીકા સુ.જા.નં–૫૪૩૫/ તા.૩૦–૦૧–૨૦૨૧ થી સને ૨૦૧૯–૨૦ના રીપેરીંગના મજુંર થયેલ વાર્ષીક ભાવ ને આધીન શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસેથી એસ્ટિમેન્ટ મંગાવેલ આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી તરફથી એસ્ટીમેન્ટ પત્ર નંબર–૨૬/ તા.૧૫/૦૭/૨૦૨૧ થી સને ૨૦૧૯–૨૦ નાં મંજુર થયેલ વાર્ષીક ભાવ થી ટરબાઈન મોટરપંપ ના કુલ રૂા.૧,૨૨,૫૫૦/– અંકે રૂપિયા એક લાખ બાવીસ હજાર પાંચસો પચાસ પુરાનો ખર્ચ થાય તેમ છે. આ બાબતે શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સીના સન ૨૦૧૯–૨૦ નાં કામ નંબર–૦૧ ના વાર્ષીક ભાવ કારોબારી સમીતી ઠરાવ નંબર–૫૧૫ / તા. ૨૩–૦૮–૧૯ થી ખર્ચ મજુંર થયેલ છે તદઅનુસાર શકિત એન્જીનીંયરીગ વર્કસ, વત્રાવાળા એજન્સી પાસે વાર્ષીક મંજુર થયેલ ભાવ મુજબ કામગીરી કરાવવા તથા ખર્ચ મંજુર.

સહી. અશોકભાઇ વાસુદેવભાઇ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૩૧
# તારીખ.૨૦–૦૭–૨૦૨૧

આજ રોજ તારીખ.૨૦–૦૭–૨૦૨૧ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે અને ટેક્ષ વિભાગ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા – ખંભાત
# એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૧૩૨
# તારીખ.૨૦–૦૭–૨૦૨૧

આજ રોજ તારીખ. ૨૦–૦૭–૨૦૨૧ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત.
## એકઝીયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૩૩
## તારીખ.૨૦–૦૭–૨૦૨૧

આગળનો રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા આગામી તહેવારો આવતા હોય જે લાઈટવિભાગમાં સ્ટ્રીટલાઈટની ફરીયાદો વધારે આવતી હોવાથી આવેલ ફરીયાદોનાં નિવારણ માટે માલ સામાનની જરૂરીયાત હોય સન્ ૨૦૨૧–૨૦૨૨ ના વર્ષમાં ઈલેકટ્રીક માલ સામાન ખરીદી તથા LED લાઈટ રીપેરીંગ કરવાના ભાવ એકઝીયુકીટીવ કમીટી ઠરાવ નંબર.૪૧ તારીખ.૦૭–૦૫–૨૦૨૧થી બરબારવાલા ઈલેકટ્રીકનાં મંજુર થયેલ તેમાં ૧ નંગ ૨૪વોટ LED લાઈટ રીપેરીંગ કરવાનાં ૩૦૦/રૂ. ભાવ મંજુર થયેલ જે મંજુર થયેલ ભાવ લાઈટ ચેરમેનશ્રી વધારે આવેલ છે તેમ જણાવેલ છે.

સ્ટ્રીટલાઈટની ફરીયાદો વધારે આવતી હોવાથી તથા આગામી તહેવાો આવતા હોવાથી લાઈટ વિભાગમાં અમદાવાદવાળી એજન્સી પાસે ખરીદેલ ૨૪વોટની LED લાઈટ ૪૯૧ નંગ તથા ૪૮ વોટની LED લાઈટ ૪૫ નંગ ઉડેલી છે જે લાઈટ ચેરમેનશ્રી એ LED – લાઈટ રીપેરીંગ કરવા જરૂરી સામાન ખરીદી કરી લાઈટવિભાગના કર્મચારી દ્વારા રીપેરીંગ કરવા જણાવેલ છે.

LED લાઈટ રીપેરીંગ કરવામાં વપરાતો સામાનની ખરીદી કરવા તારીખ. ૨૯–૦૬–૨૦૨૧ થી સરકયુલર ટેન્ડરથી ભાવ મંગાવવા માટે ૧૦ એજન્સીઓને ફેરવેલ તેમાં ભાવ મંગાવવાની સમય મર્યાદામા તારીખ.૦૭–૦૭–૨૦૨૧ સુધીમાં ૩(ત્રણ) એજન્સીઓના ભાવ આવેલ છે.જે આવેલ ભાવપત્રકો તારીખ.૧૩–૦૭–૨૦૨૧ના રોજ સાંજે ૪–૩૦ કલાકે અધિકારીશ્રી તથા લાઈટ ચેરમેનશ્રીની રૂબરૂમાં ખોલવામાં આવેલ છે. જે ૩ એજન્સીઓના ભાવપ્રત્રકો આવેલ તે બંધ કવરમાં આવેલ ભાવોનું સરખામણી પત્રક બનાવી તારીખ.૧૩–૦૭–૨૦૨૧ના રોજ ઓડીટકરાવી તેમાં જોતાં LED લાઈટ રીપેરીંગ કરવામાં સરકયુલર ટેન્ડરમાં જણાવેલ અં.નં. ૧ થી ૨ આઈટમોનાં ભાવ નીચે જણાવેલ એજન્સીઓના આવેલ છે.

| અં.નં. | વિગત | સાગર હરકીશન ખારવા | અમીતભાઈ ચંદુભાઈ પટેલ | સોહેબ નહીમભાઈ મલેક |
|---|---|---|---|---|
| (૧) | ૨૪વોટ LED લાઈટ યુનીટ ડ્રાઈવર (૧ નંગ) | ૨૨૫–૦૦ (૧વર્ષની ગેરંટી) | ૧૮૦–૦૦ (૬ મહિનાની ગેરંટી) | ૨૦૦–૦૦ (૬ મહિનાની ગેરંટી) |
| (૨) | ૨૪વોટ LED લાઈટ પ્લેટ (૧ નંગ) | ૯૦–૦૦ (૬મહિનાની ગેરંટી) | ૮૦–૦૦ (૬મહિનાની ગેરંટી) | ૧૦૦–૦૦ (૬મહિનાની ગેરંટી) |

ઉપરોકત અ.નં.૧ થી ૩માં જણાવેલ એજન્સીઓએ ૨૪વોટની LED લાઈટ રીપેરીંગ કરવા માટે વપરાતો માલ સામાનનાં ૧નંગનાં ભાવ બંધ કવરમાં આવેલ છે.જે ભાવોને ઓડીટ કરાવી તેમાં જોતાં અં.નં.(૨)અમીતભાઈ ચંદુભાઈ પટેલનાં અં.નં.૧તથા ૨માં જણાવેલ ૨૪વોટ LED લાઈટ રીપેરીંગ માલસામાનનાં ભાવ સૌથી ઓછા આવેલ છે.જે અં.નં.(૨)વાળા વેપારી પાસે ખરીદી કરવાનાં ભાવ મંજુર કરવામાં આવે છે. તથા તેમની જોડે LED લાઈટ રીપેરીંગ માલસામાન જરૂરીયાત મુજબ તારીખ.૨૧–૦૭–૨૧ થી તારીખ.૩૧–૦૩–૨૦૨૨ સુધી ખરીદી કરવા મંજુર કરવામાં આવે છે.તથા જરૂરીયાત મુજબ ખરીદી કરવામાં આવેલ ખર્ચ મંજુર કરવામાં આવે છે. સદર કામગીરી કરવા ચીફ ઓફીસરને અધિકૃત કરવામાં આવે છે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર : ૧૩૪
## તારીખ.૨૦–૦૭–૨૦૨૧

આથી ઠરાવ કરવામાં આવે છે કે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૮ તારીખ. ૦૮–૦૨–૨૦૧૮ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર.૩ તારીખ.૦૪–૦૪–૨૦૧૮ તથા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૪ તારીખ.૦૧–૦૧–૨૦૧૯ સ્થંભતીર્થ કોમ્પલેક્ષ માં કેન્ટીન અને મેટરનીટી હોમ લાયસન્સ ફી થી આપવા અંગે ખંભાત નગરપાલિકાના પ્રમુખશ્રી ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસર ને તમામ સત્તાઓ આપવા અંગેની તમામ જોગવાઈ રદ કરી સદર (એ) મેટરનીટી હોમ / (બી) કેન્ટીન લાયસન્સ ફી થી આપવા માટે જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર હરાજીથી નોન રીફંડેબલ પ્રિમીયમ લાયસન્સ ફી થી આપવા ઠરાવવામાં આવે છે અને તે અંગેની તમામ શરતો લાયસંન્સ ફી થી આપવા અંગેની તમામ સત્તાઓ એકઝીકયુટીવ કમીટી હસ્તક રાખવામાં આવે છે અને તેની શરતો નીચે મુજબ નકકી કરવામાં આવે છે.

શરતો :–

(૧) સદર મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા નોન રીફંડેબલ પ્રિમિયમ ની માસીક લાયસન્સ ફી થી નવ (૦૯) વર્ષ માટે આપવાની છે.

(૨) (એ) મેટરનીટી હોમ વાળી જગા નોન રીફન્ડેબલ પ્રિમિયમની અપસેટ કિંમત રૂપીયા.૯૯,૦૦૦/–અંકે રૂપીયા નવ્વાણું હજાર પુરા રહેશે અને હરાજીમાં જે સૌથી વધુ બોલી બોલશે તે નોન રીફન્ડેબલ પ્રિમિયમની રકમ રહેશે અને હરાજીની બોલી રૂપીયા.૧૦,૦૦૦/–ના ગુણાંકમાં હરાજીની બોલી બોલવાની રહેશે.

(બી) કેન્ટીન વાળી જગા નોન રીફન્ડેબલ પ્રિમિયમની અપસેટ કીંમત રૂપીયા. – ૯૯,૦૦૦/– અંકે રૂપીયા નવ્વાણું હજાર પુરા અને હરાજીમાં જે સૌથી વધુ બોલી બોલશે તે નોન રીફન્ડેબલ પ્રિમિયમની રકમ રહેશે અને હરાજીની બોલી રૂપીયા. ૫૦૦૦/–ના ગુણાંકમાં હરાજીની બોલી બોલવાની રહેશે.

(૩) હરાજીમાં ભાગ લેતા પહેલા (એ) ની રૂા.૬૦,૦૦૦/– અંકે રૂપીયા સાંઈઠ હજાર પુરા તથા (બી) ની રૂપીયા. ૫૦,૦૦૦/– અંકે રૂપીયા પચાસ હજાર પુરા હરાજી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે હરાજીની તારીખ સુધીમાં બપોરે ૩–૦૦ કલાક સુધીમાં મ્યુની. ઓફીસે તથા સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષમાં આવેલ નગરપાલિકા કચેરીએ જમા કરવાની રહેશે.

(૪) (એ) મેટરનીટી હોમ વાળી જગાની માસીક લાયસન્સ ફી એક ચોરસ ફુટના રૂપીયા. ૭–૫૦ અંકે રૂપીયા સાત અને પચાસ પૈસા તથા (બી) કેન્ટીન વાળી જગાની માસીક

લાયસન્સ ફી એક ચોરસ ફુટના રૂપીયા. ૬–૫૦ અંકે રૂપીયા છ અને પચાસ પૈસા પુરા ચુકવવાની રહેશે. (એ) મેટરનીટી હોમ વાળી જગા તથા (બી) કેન્ટીન વાળી જગાનો અંગ્રેજી ત્રણ (૦૩) વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં ૧૦ % (દસ) નો વધારો કરવામાં આવશે.

(૫) સદર કોમ્પ્લેક્ષમાં આવેલ મેટરનીટી હોમ રાખનારે લીફટના મેઈન્ટેનન્સ પેટે માસીક રૂપીયા................અંકે રૂપીયા...............................પુરા નગર–પાલિકામાં ભરપાઈ કરવાના રહેશે તથા લીફટનો ઉપયોગ કોમ્પલેક્ષ લાયસન્સી તથા પ્રજાજનો વિગેરે ઉપયોગ કરી શકશે તેમજ કોઈક યાંત્રીક ખામીના કારણે લીફટ બંધ રહેશે તો મેઈન્ટેનન્સના નાણાં રીફંડ મળશે નહી.

(૬) સદર મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા અંગે લાયસંસનો કરાર ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૬૫ (૨) મુજબ અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે નો જ રહેશે અને જગ્યાની માલીકી ખંભાત નગરપાલિકાની રહેશે.

(૭) લાયસન્સ ફી થી આપેલ મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગાને લાગતા નગરપાલિકા તેમજ ગુજરાત અને કેન્દ્ર સરકારના એસ.જી.એસ.ટી. તથા સી.જી.એસ.ટી.તથા અન્ય તમામ ટેક્ષ લાયસન્સ ફી થી રાખનારે ભરવાના રહેશે.

(૮) સદર મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા રાખનારે અંગ્રેજી મહીના ની (૧)પહેલી તારીખ થી (૧૫) પંદરમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં પચ્ચીસ (૨૫) ટકા પેનલ્ટી આપવાની રહેશે તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગાનો કબજો પરત મેળવશે તેમાં મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા રાખનારની કોઈ દલીલ ગ્રાહય રાખવામાં નહી આવે.

(૯) હરાજીથી મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા રાખનાર ઈસમે જે લાયસંન્સ ફી થી રાખેલ હશે અને તે મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા અન્યને ટ્રાન્સફર કરે ત્યારે જે રકમમાં જે તે વખતે રાખેલ હશે તેના કરતાં વધુ રકમની જે કોઈપણ ઉપજશે તેના ૨૫% (પચ્ચીસ ટકા) રકમ નગરપાલિકામાં જમા કરાવેથી ટ્રાન્સફરની કાર્યવાહી થઈ શકશે એટલે કે જે રકમ નગરપાલિકામાં જમા કરાવીને મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા મેળવેલ હશે તે રકમ કરતાં વધારાની રકમ જે કોઈપણ ઉપજ થાય તે અંગે નગરપાલિકાને અગાઉથી લેખીતમાં રકમ સાથે જાણ કરવાની રહેશે તે રકમ જો ઓછી બતાવવામાં આવે તો

દર્શાવેલ રકમ તથા હરાજીમાં લીધેલ રકમ આમ બંને ભેગી કરતાં જે રકમ થાય તે રકમ નગરપાલિકા જે તે ઈસમને પરત આપવા નિર્ણય લે તો જે તે મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા ધારકે તે રકમ લઈ નગરપાલિકાને મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા પરત આપવાની રહેશે અન્યને આપી શકશે નહી કે ટ્રાન્સફર થઈ શકશે નહી જે તે મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા નગરપાલિકાને પરત કરવાની રહેશે જો તેમ કરવાનું નગરપાલિકા સુચવે અથવા જે તે દર્શાવેલ રકમ યોગ્ય અને સાચી દર્શાવેલી જણાશે તો ઉપર જણાવ્યા મુજબ વધારાની રકમના ૨૫% (પચ્ચીસ) રકમ નગરપાલિકામાં ભરવા આદેશ કરે અને તે રકમો ભરપાઈ થયા બાદ ટ્રાન્સફરની આગળની કાર્યવાહી કરવામાં આવશે ટ્રાન્સફર ફી હાલના નવા નિયમ મુજબ અથવા નગરપાલિકા વખતો વખત નકકી કરે તે મુજબ ટ્રાન્સફર ફી ભરપાઈ કરવાની રહેશે.

(૧૦) લાયસન્સ ફી થી આપેલ મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા માં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈપણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા દેવામાં આવશે નહી અને તે કરી શકશે પણ નહીં.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગામાં પેટા લાયસન્સ ફી થી આપી શકાશે નહી અગર તો હકક, ગીરો, દાન, વીલ કે બક્ષીસ આપી શકશે નહી તેમજ નગરપાલિકાની લેખીત પરવાનગી સિવાય બીજાને ભાગીદાર તરીકે રાખી શકશે નહીં.

(૧૨) લાયસન્સ ફી થી આપેલ મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગામાં સળગી ઉઠે તવો જવાળ ગ્રાહી પદાર્થો રાખી વ્યવસાય કે ધંધો કરતા અગાઉ નગર–પાલિકાની પુર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૧૩) સદર લાયસન્સ ફી થી આપેલ મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગામાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસન્સદાર કરી શકશે નહી તેમ છતાં પણ – નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે લાયસન્સદાર જવાબદાર રહેશે તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૪) સૌથી વધુ પ્રિમિયમની રકમ બોલનારને મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગાની જગ્યા ફાળવણી કરવી કે નહી તે અંગેનો છેવટનો નિર્ણય નગરપાલિકા નો રહેશે તે સર્વેને બંધનકર્તા રહેશે અને તે અંગેની કોઈપણ જાતની તકરાર ચાલશે નહીં.

(૧૫) લાયસન્સદાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદાર પૈકી જે કોઈ ભાગીદાર

છુટા થાય ત્યારે બાકી રહેતા ભાગીદાર બાકી રહેતી મુદત માટે કરાર કરી જવાની જવાબદારી રહેશે.

(૧૬) લાયસન્સનો કરાર કરાવવાનો તમામ ખર્ચ લાયસન્સદારે ભોગવવાનો રહેશે તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં. તેમજ કરારની મૃદત પુર્ણ થાય તે પહેલા કરાર રીન્યુ કરાવવાની જવાબદારી જે તે લાયસંસદાર ઈસમની રહેશે નગરપાલિકાની જવાબદારી રહેશે નહી.

(૧૭) મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા હરાજી પ્રિમિયમની બોલીની રકમ રકમ હરાજીની પ્રિમિયમની ૫૦ ટકા રકમ હરાજીની તારીખથી દિન–૦૨ (બે) માં તથા બાકીની ૫૦ ટકા પ્રિમિયમની રકમ હરાજીની તારીખથી દિન–૭ માં નગરપાલિકા ઓફીસે જમા કરવાની રહેશે પ્રિમિયમની રકમ જે તે મુદતમાં ભરવામાં નહી આવે તો ફાળવેલ મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગાની જગ્યા રદ કરવામાં આવશે અને ભરેલ ડીપોઝીટ તથા પ્રિમિયમની રકમ જપ્ત કરવામાં આવશે.

(૧૮) ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહીં.

(૧૯) નગરપાલિકાની પુર્વ પરવાનગી સિવાય મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગામાં રીપેરીગ કામ, રંગકામ, સુધારો વધારો કરી શકાશે નહી અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસદારે પોતાને ભોગવવાનો રહેશે.

(૨૦) સદરુહ મીલકતનો કબજો મ્યુની. ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન પરત લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત પબ્લીક પ્રિમાઈસીસ ઈવીકશન એકટ–૧૯૭૨ની હેઠળ કાર્યવાહી કરી કબજો પરત લેવા મ્યુનીસીપાલીટી ને હકક રહેશે.

(૨૧) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે લીવ એન્ડ લાયસંસનો નવો કરાર કરાવી લેવાનો રહેશે.

(૨૨) સદર સ્થંભતીર્થ કોમ્પલેક્ષમાં નવેસરથી હરાજીમાં જે ઈસમોએ હરાજીની ડીપોઝીટ જે નામથી રકમ ભરી હરાજીમાં ભાગ લઈ મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગા લીધેલ હોય અને તેઓની મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગાની બોલીની રકમ મંજુર થયા બાદ સદર મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગાનું કરારનામું કરતાં પહેલા સદર ઈસમે ધ્વારા જે અરજદારનું નામ

આપવામાં આવશે તેઓના નામે લીધેલી જગ્યામાં નામ દાખલ કરવા મંજુર કરવામાં આવશે.

(૨૩) ઉપરોકત મેટરનીટી હોમ વાળી જગા તથા કેન્ટીન વાળી જગાની જાહેર હરાજી થી આપવા અંગેની જાહેર ખબર દૈનીક / સ્થાનીક પેપરમાં તેમજ લાઉડ સ્પિકરથી શહેરમાં રીક્ષા ફેરવી જાહેરાત પ્રસિધ્ધ કરાવવાનું પણ ઠરાવવામાં આવે છે અને તે અંગેનો ખર્ચ પણ મંજુર કરવામાં આવે છે અને આ હરાજી અંગેની આગળની ઘટતી કાર્યવાહી કરવા તેમજ અન્ય તારીખો નકકી કરવા અંગે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસરશ્રીને સત્તા આપવામાં આવે છે.

(૨૪) સદર મીલકતનો ખંભાત નગરપાલિકાનો ટેક્ષ બીલ જે થાય તે અને ઈલેકટ્રીક બીલના નાણાં લાયસન્સદારે ભરપાઈ કરવાના રહેશે તથા મેટરનીટી હોમને જોયતા વીજ – ભાર તથા અલગ મીટર મેળવવાનું થાય તો તે અંગેની કાર્યવાહી લાયસન્સી એ કરવાની રહેશે.

(૨૫) સદર ફાળવેલ જગા સિવાય બહાર પેસેજ વાળા ભાગમાં માલ સામાન મુકી શકાશે નહી.

(૨૬) સદર જગામાં આગ, અકસ્માત કે જાન હાની થાય તે અંગેની સંપુર્ણ જવાબદારી લાયસન્સદારની રહેશે અને ગણાશે તે બાબતની નગરપાલિકાની કોઈ જ જવાબદારી રહેશે નહી.

(૨૭) રાજય સરકારશ્રી ના આરોગ્ય વિભાગના વખતો વખતની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૨૮) લાયસન્સી એ ફાયર ઓફીસરશ્રી સાથે સંકલન કરી ફાયર સેફટીની વ્યવસ્થા કરવાની રહેશે તથા જે તે કાયદા નીચે ફાયર એન.ઓ.સી. મેળવવાની થશે તો તે મેળવવાની રહેશે.

(૨૯) લાયસન્સી એ મેટરનીટી હોસ્પીટલમાં ડીલીવરીને લગતો તમામ નીકળતો બાયો મેડીકલ વેસ્ટ કોઈ પણ કચરા પેટીમાં નાંખવાનો રહેશે નહી પરંતુ તેને ગુજરાત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ નીકાલ કરવાનો રહેશે.

(૩૦) સરકારશ્રી ની કોવીડ–૧૯ અંતર્ગત ગાઈડ લાઈનનો અમલ કરવાનો રહેશે.

(૩૧) નગરપાલિકાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી અને ચીફ ઓફીસર અથવા નગરપાલિકા નિયુકત કરે તે કર્મચારી મેટરનીટી હોમની વિઝીટ લઈ જરૂરી સુચના આપે તેનું લાયસન્સી એ પાલન કરવાનું રહેશે.

(૩૨) મેટરનીટી હોમમાં રાજય સરકારશ્રી તરફથી લાભો મા–કાર્ડ, આયુષ્યમાન કાર્ડ, વાત્સલ્ય કાર્ડ, અને ચીરંજીવી યોજના અંતર્ગત અપાતા તમામ લાભો દર્દીઓને

સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ આપવાના રહેશે અને તે માટે જરૂરી મંજુરીઓ લાયસન્સી એ સરકારશ્રીમાંથી મેળવવાની રહેશે.

(૩૩) કેન્ટીન અંગે ઉપરોકત શરતોમાં જે કોઈ ફેરફાર કરવાનો યોગ્ય લાગે તથા શરતો ઉમેરવાનું યોગ્ય લાગે તો તે શરતો પણ ઉમેરી શકાશે.

(૩૪) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

સહી. અશોકભાઈ વાસુદેવભાઈ કાછીયા
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. રાજેશકુમાર ગુણવંતલાલ રાણા
સહી. ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ
સહી. તેજલબેન સાગરકુમાર સોલંકી
સહી. નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી
સહી. મનિષકુમાર બેચરલાલ ઉપાધ્યાય
સહી. કનૈયાલાલ મફતલાલ રાણા
સહી. જીતેન્દ્રકુમાર ઈન્દ્રવદન ખારવા